EDII

Divya Bhaskar

May 19, 2016
Page No. 1
Of City Bhaskar

### AICTEના ચેરમેન પ્રો. સહસ્ત્રબુદ્ધે શિક્ષણની અધોગતિ પર પ્રકાશ પાડ્યો

# વિદ્યાર્થીઓના અભાવે દર વર્ષે 200 કોલેજોને તાળાં લાગે છે

**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(જીટીયુ) દ્વારા નવી સ્ટાર્ટઅપ પોલીસી ઘડવા માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કર્યુ હતુ.જેમાં ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનના ચેરમેન પ્રો.અનિલ સહસ્ત્રબુદ્ધે ભારતમાં દર વર્ષે વિદ્યાર્થીઓના અભાવે બેઠકો ખાલી રહેતાં AICTE દ્વારા કોલેજો બંધ કરવાનાં નિર્ણય પર ચર્ચા કરી હતી.**

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયામાં હાયર એજ્યુકેશનની કથળેલી પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા એઆઈસીટીઈના ચેરમેન અનિલ સહસ્ત્રબુદ્ધે કહ્યું કે 'ભારતમાં દરવર્ષે વિદ્યાર્થીઓના અભાવના કારણે 200 કોલેજોને તાળાં લાગે છે. દર વર્ષે 18 લાખ બેઠકોમાંથી 11 લાખ બેઠકો જ ભરાય છે. વિદ્યાર્થીઓ ન મળતા કોલેજો જાતે જ કોલેજ બંધ કરવાની અરજીઓ કરી રહી છે.દરવર્ષે કોલેજની 18 લાખ બેઠકોમાંથી માત્ર 11 લાખ બેઠકો જ ભરાય છે.ગતવર્ષે દોઠ લાખ બેઠકોનો ઘટાડો થતો હતો.આ વખતે એક લાખ જેટલી બેઠકો ઘટશે.' આ જોતાં કોલેજોમાં શિક્ષણનું સ્તર નીચું જવાની સંભાવનાઓ વધી જશે તેવી ભીતી સેવાઈ રહી છે.

## માર્કેટને ધ્યાનમાં રાખી આઈડિયાક્રિએટ કરોઃ



EDIIના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ આંત્રપ્રિન્યોર અને સ્ટાર્ટઅપ વિશે જણાવતા કહ્યુ કે માર્કેટમાં ક્યા પ્રકારની વસ્તુની માંગ છે.તેનું રિસર્ચ કરીને તે માંગને પહોંચી વળાય તેવા બિઝનેશ આઈડિયા વિશે વિચારો.ગુજરાતમાં હાલ જોવા જઈએ તો મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સ્ટાર્ટઅપની વિપુલ તકો રહેલી છે.

## USમાં સ્ટાર્ટઅપમાં નિષ્ફળ જનારને સરકાર મદદ કરે છે

'ભારતમાં કોઈ વ્યકિત સ્ટાર્ટઅપમાં ફેઈલ થા તો તેને સરકાર દ્વારા કોઈ મદદ કરવામાં આવતી નથી. અમેરિકામાં સ્ટાર્ટઅપમાં ફેલિયર લોકોને સરકાર દ્વારા આર્થિક મદદ કરીને ફરી ચાલુ કરવામાં આવે છે. અમેરિકામાં દરવર્ષે 47 હજાર સ્ટાર્ટઅપ શરૂ થાય છે.'

## ભારતની કોલેજમાં 30 ટકા પ્રોફેસરોની જગ્યાઓ ખાલી

સહસ્ત્રબુદ્ધે એજ્યુકેશનની કથળતી પરિસ્થિતિ વિશે કટાક્ષ કરતા કહ્યું કે 'દેશભરની કોલેજોમાં 30 ટકા પ્રોફેસરોની તંગી વર્તાય છે. તે સમસ્યાના સમાધાનરૂપે હવે ઉદ્યોગજગતના નિષ્ણાંતોને એડજન્કટ ફેકલ્ટી તરીકે સેવા લેવામાં આવશે.